ક્રમાંક: રાપબો/ઉકપ/પરીણામ/૨૦૧૬/૬૦૬૩-૭૪

રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુ.રા.
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર-૨૧,ગાંધીનગર
ઈ-મેઈલ-gseb21@gmail.com

તારીખ-૨૫/૦૭/૨૦૧૬

જાહેરનામુ :-

**વંચાણે લીધા:-(૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક:SEB-ATD-2015-16/54-83, તા.૦૧/૦૧/૨૦૧૬**

**(૨) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક:SEB-ATD-2015-16/5-53, તા.૦૧/૦૧/૨૦૧૬**

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.,ગાંધીનગર દ્વારા આમુખમાં જણાવેલ જાહેરનામાં અન્વયે એ.ટી.ડી.પ્રથમ અને બીજુ વર્ષ, એપ્લાઈડઆર્ટ પાંચમું વર્ષ, ડ્રોઈંગ & પેઈન્ટીંગ પાંચમું વર્ષ અને શિલ્પ પાંચમું વર્ષ પરીક્ષા-૨૦૧૬માં વિવિધ કેન્દ્રો પરથી લેવામાં આવી હતી. એ.ટી.ડી. એ.ટી.ડી.પ્રથમ અને બીજુ વર્ષ, એપ્લાઈડઆર્ટ પાંચમું વર્ષ, ડ્રોઈંગ & પેઈન્ટીંગ પાંચમું વર્ષ અને શિલ્પ પાંચમું વર્ષ પરીક્ષાનું પરીણામ આ તા. ૨૫/૦૭/૨૦૧૬ના રોજ જાહેર કરવામાં આવેલ છે. ઉક્ત તમામ પરીક્ષાના પરીણામ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ **www.sebexam.org** પર પણ જોવા મળશે. સંબધિત સંસ્થાના ઉપસ્થિત થયેલ ઉમેદવારોના માર્કશીટ/પ્રમાણપત્ર/માઈગ્રેશન પ્રમાણપત્ર લેવા માટે હવે પછી જણાવવામાં આવશે.

**એ.ટી.ડી./ ઉચ્ચકલા પરીક્ષા-૨૦૧૬ની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ | પરીક્ષાનું નામ | કુલ ઉમેદવાર | ઉપસ્થિત ઉમેદવારો | પાસ | નાપાસ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | એ.ટી.ડી. પ્રથમ વર્ષ | ૧૬૩ | ૧૬૦ | ૧૨૬ | ૩૪ | ૭૮.૭૫% |
| ૨ | એ.ટી.ડી. બીજુ વર્ષ | ૧૨૧ | ૧૧૯ | ૧૦૭ | ૧૨ | ૮૯.૯૨% |
| ૩ | એપ્લાઈડ આર્ટ પાંચમું વર્ષ | ૯૭ | ૯૬ | ૯૬ | ૦૦ | ૧૦૦% |
| ૪ | ડ્રોઈંગ & પેઈન્ટીંગ પાંચમું | ૩૦ | ૩૦ | ૨૯ | ૧ | ૯૬.૬૭% |
| ૫ | શિલ્પ પાંચમું વર્ષ | ૨ | ૨ | ૧ | ૧ | ૫૦% |

જે ઉમેદવાર ઉત્તરવહીના ગુણની ફેર ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તેમણે તે અંગેની અરજી પરીણામ જાહેર કર્યા તારીખથી દિન-૧૫માં તા:- ૦૮/૦૮/૨૦૧૬ સુધીના ડી.ડી.સાથે પોતાની સંસ્થા મારફતે કરવાની રહેશે. ગુણ ચકાસણી ફી વિષય દીઠ રૂ.૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) ભરવાની રહેશે. આ અરજીઓ તથા ગુણ ચકાસણી ફી સંસ્થાએ એકત્ર કરી રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગરને તા.૦૯/૦૮/૨૦૧૬સુધીમાં ફોર્મ/ડી.ડી.મોકલી આપવાના રહેશે.**તાલીમાર્થીની સીધી અરજી અત્રેની કચેરીએ સ્વીકરવામાં આવશે નહી.**ગુણની ચકાસણી ફી ની રકમનો ડિમાન્ડ ડ્રફ્ટ 'સચિવશ્રી,રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર'ના નામનો કાઢવાનો રહેશે.

**પ્રતિ,**

- આચાર્યશ્રી,એટીડી કોલેજ (સંબંધિત)

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

- માન. શિક્ષણમંત્રીના અંગત સચિવશ્રી,ગાંધીનગર.
- માન. રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,શિક્ષણ વિભાગ,ગાંધીનગર.
- કમિશ્નરશ્રીની,મ.ભો.યો.અને શાળાઓની કચેરી,ગાંધીનગર.

**અધ્યક્ષ**
**રાજ્ય પરીક્ષા બોર્ડ**
**ગાંધીનગર**